# નિવૃત્તિ વય

| | | |
|---|---|---|
| ૧. | ૨-૧૨-૭૫<br>૪-૧૨-૭૫ | શૈક્ષણિક સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓને ૫૮ વર્ષે વયનિવૃત્તિ<br>-શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંક : ૧૦૭૪/ ૩૬૩૭૯/ જી. |
| ૨. | ૨૮-૧૦-૮૩ | બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને સત્રાંતે નિવૃત્ત કરવા અંગે.<br>- શિક્ષણ વિભાગના ઠરાવ : એસઈઆર - ૧૦૮૧/૬૫૬૦૨ (૮૩)-છ ગુજ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા. ૧૮-૮-'૮૩ નો સંદર્ભ |
| ૩. | ૧૯-૫-૮૮<br>૮-૭-૮૮ | શૈક્ષણિક સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિની ખરેખર તારીખે નિવૃત્ત કરી ત્યાર બાદ સત્રના અંત સુધીમાં પુનઃનિયુક્તિના ધોરણે ચાલુ રાખવા.<br>- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : સમશ-૧૦૮૬/૫૧૮૦૦-ગ/૧.<br>નોંધ : આ પત્ર તા. ૨૪-૪-૯૦ ના પત્રથી રદ્દ કરી તેમાં સુધારો કરવામાં આવ્યો છે. |
| ૪. | ૨૭-૧૧-૮૯ | સરકારી શૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્ત કરવા.<br>-નાણાં વિભાગ ઠરાવ ક્રમાંક : એનવીટી/ ૨૬૮૯/૧૪૫/ પી |
| ૫. | ૨૪-૪-૯૦<br>૧૦-૫-૯૦ | શૈક્ષણિક સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્ત.<br>- શિક્ષણ વિભાગ, સુધારો ક્રમાંક : સમશ/ ૧૦૮૬/ ૬૫૫૦૨/૮૩-છ.<br>-સંદર્ભ : તા.૨૮-૧૦-૮૩, ૧૯-૫-૮૮, ૮-૭-૮૮, ૩૦-૧-૮૯ નો પત્ર<br>શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ વયની ખરેખર તારીખ બાદ જે તે સત્રના અંત સુધી ચાલુ રાખવા. પરંતુ નિવૃત્તિ વયથી સત્રના અંત સુધી કરેલ સેવા, ઈજાફો, પેન્શન તેમજ નિવૃત્તિના કોઈપણ લાભ માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. |
| ૬. | ૧૧-૮-૯૪ | બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની વયનિવૃત્તિ નક્કી કરવા અંગે.<br>- શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : બમશ-૫૧૯૩/૪૨૧/છ, ગાંધીનગર<br>- સંદર્ભ : (૧) શિક્ષણ અને મજૂર વિભાગનો ઠરાવ, તા. ૨૧-૧૨-૭૧<br>(૨) નાણાં વિભાગનો તા. ૨૭-૧૧-૮૯<br>(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નર, તા.૨૬-૭-૯૩<br>શિક્ષણ અને મજૂર વિભાગના તા. ૨૧-૧૨-૭૧ ના ઠરાવ પેરા-૫ માં વય નિવૃત્તિ અંગે સરકારી કર્મચારીઓને લાગુ પડતા બી.સી.એસ.આર.ના નિયમોમાં સુધારા સાથે નાણાં વિભાગના તા.૨૭-૧૧-૮૯ ના ઠરાવની જોગવાઈ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને લાગુ પાડવાની સ્પષ્ટતા આ પત્રથી બહાર પાડવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| ૭. | ૨૭-૧૦-૯૪ | બિનસરકારી માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓની વયનિવૃત્તિ નક્કી કરવા અંગે.<br>-ધ-પેન-૧/ ૧૭૭/ ૧૩૯૭૪-૯૪, ગાંધીનગર, તા.૨૭-૧૦-૯૪<br>શિક્ષણ વિભાગના તા. ૨૮-૧૦-૮૩ અને તા. ૧૮-૮-૯૪ સાથે વાંચતા આજ લાભો બિનસરકારી માધ્યમિકની જેમ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના કર્મચારીઓને લાગુ પાડવા તે મુજબ નિવૃત્ત કરવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. |
| ૮. | ૨૨-૫-૯૮ | બિન સરકારી માધ્યમિક શાળા / ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્તિના લાભ આપવા.<br>-શિક્ષણ વિભાગના બમશ/ ૧૦૯૭/ એમએલએ-૬-છ, તા.૨૨-૫-૯૮<br>- સંદર્ભ : (૧) ઉચ્ચશિક્ષણ કમિશ્નરનો તા. ૧૨-૧૦-૯૭ નો પત્ર.<br>(૨) શિક્ષણ વિભાગના બમશ, તા. ૨૭-૧૧-૯૭ નો પત્ર<br>બિન સરકારી માધ્ય./ઉચ્ચ માધ્ય. શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓની જેમજ અક્ષર: બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ વયનિવૃત્તિ બાદ સત્રાંત સુધી સેવામાં ચાલુ રાખવા. |
| ૯. | ૨૭-૪-૮૧ | બિન સરકારી માધ્યમિક શાળાના વર્ગ-૪ ના કર્મચારીઓની નિવૃત્તિ વય અંગે.<br>- શિક્ષણ વિભાગ એસ.એસ.એન.-૧૧૭૮-૪૯૬૬ - ગ<br>બિનસરકારી માધ્યમિક શાળાના વર્ગ-૪ ના કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા સરકારશ્રીના વર્ગ-૪ના કર્મચારીની જેમ જ ૬૦ વર્ષની રાખવામાં આવી છે. |
| ૧૦. | ૭-૪-૯૨ | વર્ગ-૪ ના કર્મચારીને નિવૃત્તિ તારીખના મહિનાની આખર તારીખે નિવૃત્ત કરવા અંગે.<br>- શિક્ષણ વિભાગ : ખમશ/ ૧૦૮૬/ ૬૫૫૦૨/ ૮૩-છ<br>૬૦ વર્ષની ઉંમરે છૂટા થવા પાત્ર વર્ગ-૪ ના કર્મચારીઓને તેઓ જે માસમાં ૬૦ વર્ષ પૂરા કરે તે માસની આખર સુધી ચાલુ રાખવા. |

## નિવૃત્તિ સમયે લેણી રજાનો પગાર રોકડમાં રૂપાંતર કરવા અંગે.

### નિવૃત્તિ સમયે લેણી રજાના પગાર રોકડમાં રૂપાંતર કરવા અંગેના પત્રો

| | | |
|---|---|---|
| તા. ૧૦-૧-૭૮ | તા. ૧૬-૮-૭૮ | તા. ૨૭-૧૨-૭૮ |
| તા. ૨૩-૭-૭૯ | તા. ૨૧-૮-૭૯ | તા. ૦૧-૧૨-૮૬ |
| તા. ૦૧-૧-૮૭ | તા. ૦૧-૭-૯૧ | તા. ૦૭-૧૦-૯૭ |
| તા. ૦૪-૮-૯૦ | તા. ૨૮-૮-૯૦ | તા. ૩૦- ૮ -૯૦ |
| તા. ૦૪-૯-૯૦ | તા. ૨૬-૩-૯૧ | તા. ૦૭- ૧ -૯૮ |
| તા. ૧૯-૨-૯૮ | તા. ૧૬-૭-૯૯ | તા. ૨૩- ૩ -૦૦ (મહેસાણા) |
| તા. ૨૧-૪-૦૭ | તા. ૨૩-૯-૦૮ | તા. ૨૫- ૯ -૦૮ |
| તા. ૧૫-૧-૧૦ | (લગભગ ૨૨ જેટલા પરીપત્રો) | |

- નાણાં વિભાગના તા.૧૦-૧-૭૮ ના પત્રમાં સરકારી કર્મચારીઓની નિવૃત્તિ સમયે ૧૮૦ દિવસની મર્યાદામાં લેણી રજાનું રોકડમાં રૂપાંતર....

- તા.૨૬-૩-૯૧ ના ગુજરાત સરકારના નાણાં વિભાગના પત્રમાં રાજ્યની તમામ સરકારી, બિનસરકારી, ઉચ્ચત્તર માધ્યમિક, નગર પ્રા.શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો, આચાર્યોના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી જમા રજાઓનું નિવૃત્તિ રોકડમાં રૂપાંતર કરવા દેવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. આગળના તમામ ઠરાવો રદ કરીને નીચે મુજબના ઠરાવવામાં આવે છે.
  - ઉપર દર્શાવેલ તમામ શૈક્ષણિક કર્મચારીઓને રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું ઠરાવવામાં આવે છે. (નિવૃત્તિના સમયે)
  - આ ઉપરાંત વયનિવૃત્તિ બાદ પુનઃનિયુક્તિથી નીમવામાં આચાર્ય/ શિક્ષકના કિસ્સામાં તેમની પુનઃનિયુક્તિની મુદ્દત પૂરી થયા બાદ.
  - સ્વૈચ્છિક નિવૃત્તિ/ અપરિપક્વ નિવૃત્તિના સમયે.
  - નોટિસ આપીને સેવાનો અંત લાવવામાં આવે તે કિસ્સામાં.
  - અશક્તતા પેન્શન ઉપર ઉતરનાર આચાર્ય / શિક્ષકને.
  - ચાલુ સેવા દરમ્યાન અવસાન પામનાર આચાર્ય / શિક્ષકના વારસદારને.

  ઉપર જણાવેલ કિસ્સાઓમાં આચાર્ય / શિક્ષકના ખાતે જમા રહેલી પ્રાપ્ત રજા તથા જમા રહેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બન્ને મળી કુલ ૨૪૦ દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવામાં જણાવવામાં આવે છે.

- તા.૧૬-૭-૯૯ ના ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવથી રાજ્યની તમામ બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને જમા પ્રાપ્ત રજા / અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા બાબતમાં રજાની મહત્તમ મર્યાદામાં સુધારો કરી ૩૦૦ દિવસની કરવામાં આવી છે. (૨૪૦ ને બદલે ૩૦૦)

- જો રજાના હિસાબમાં પ્રાપ્ત (હક્ક) રજા ૩૦૦ દિવસ કરતાં ઓછી જમા હશે તો વેકેશન સમય માટે ઉપાર્જિત કરેલ અર્ધપગારી રજાથી અડધી <u>પરંતુ એકસો પચાસ દિવસની મર્યાદામાં</u> ઉમેરીને સરવાળો ૩૦૦ દિવસનો થાય તેમ કરવામાં આવશે. (વધુમાં વધુ ૩૦૦ દિવસ)
- વેકેશન વિભાગના કર્મચારીઓને નિવૃત્તિ સમયે મળવાપાત્ર વધુમાં વધુ ૩૦૦ દિવસની રજાઓના રોકડમાં રૂપાંતર અંગેનું જાહેરનામું તા. <u>૨૧-૪-૨૦૦૭</u> ના પત્રથી

  ઉપર મુજબના પત્રમાં <u>પરંતુ એકસો પચાસ દિવસની મર્યાદામાં</u> આ શબ્દો રદ કરવામાં આવે છે.

**શિક્ષણ વિભાગના તા.૧૫-૧-૧૦, ૨૬-૩-૧૩ તથા ૨-૧૧-૧૩ ના નવા અને છેલ્લા પત્રો મુજબ**

- ૩૦૦ દિવસની પ્રાપ્ત તથા અર્ધપગારી રજાના રોકડમાં રૂપાંતરમાં નીચે મુજબ ગણતરી કરવી.

  <u>ઉદાહરણ-૧</u> કર્મચારી રજા ઉપર ઉતરતી વખતે તેના ખાતે ૩૦૦ દિવસની પ્રાપ્ત રજા જમા છે. તેમનો છેલ્લો પગાર ૨૪,૦૦૦ છે. મોંઘાવરી ૯૦% છે.

| બેઝિક પગાર | + | મોંઘવારી (૯૦%) | × | પ્રાપ્ત રજાના દિવસો | ÷ | ૩૦ | = | રજાના પગારની કુલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪,૦૦૦ | + | ૨૧,૬૦૦ | × | ૩૦૦ | ÷ | ૩૦ | = | ૪,૫૬,૦૦૦ |

  <u>ઉદાહરણ-૨</u> કર્મચારી રજા ઉપર ઉતરતી વખતે તેમનો છેલ્લો પગાર ૨૪,૦૦૦ છે. મોંઘાવરી ૯૦% છે. પ્રાપ્ત રજા ૫૦ દિવસની, અર્ધપગારની રજા ૫૦૦ દિવસ (એટલે કે ૨૫૦)ની હોય

| | બેઝિક પગાર | + | મોંઘવારી (૯૦%) | × | જમા રજાના દિવસો | ÷ | ૩૦ | = | રજાનો પગાર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાપ્ત રજા | ૨૪,૦૦૦ | + | ૨૧,૬૦૦ | × | ૫૦ | ÷ | ૩૦ | = | ૭૬,૦૦૦ |
| અ.પ.રજા | ૨૪,૦૦૦ | + | ૨૧,૬૦૦ | × | <u>૨૫૦</u> | ÷ | ૩૦ | = | <u>૩,૮૦,૦૦૦</u> |
| | | | | કુલ | ૩૦૦ | | | | ૪,૫૬,૦૦૦ |